- રાજય કાનૂની સેવા સત્તા મંડળ મોબાઈલ વાહનનો અવશ્ય ઉપયોગ કરે જેથી ઓછી વસ્તીવાળા ક્ષેત્રોમાં પહોંચી શકાય જેથી જનજાતિય સમુદાયના ફોજદારી, દિવાની, મહેસૂલ અથવા વન અધિકારોના પ્રશ્નોમાં તાત્કાલિક ન્યાયિક મદદ પહોંચાડી શકાય.
- રાજય કાનૂની સેવા સત્તા મંડળ વન વિભાગ જેવા સરકારી વિભાગો સાથે સંકલન સ્થાપિત કરે જેથી કુદરતી નિવાસના દાવા અને વળતર દાવાઓની મોબાઈલ લોક અદાલતો ધ્વારા પતાવટ કરી શકાય.
- દિવાની અને ફોજદારી પ્રશ્નોમાં જનજાતિય લોકોને વડી અદાલતમાં જવા માટે તાત્કાલિક કાનૂની મદદ આપવી જોઈએ. હાઈકોર્ટ કાનૂની સેવા સમિતિએ એવા વકીલશ્રીઓને તેમની પેનલમાં સમાવવા જોઈએ કે જે સ્વયં જનજાતિય સમુદાયમાંથી આવતા હોય અથવા જેઓને જનજાતિય સમુદાયના પ્રશ્નોની સારી જાણકારી હોય અને તેમની સાથે વ્યક્તિગતરીતે સંપર્કમાં રહેતા હોય.
- જયારે જરૂરીયાત જણાય ત્યારે માનનીય કારોબારી અધ્યક્ષશ્રી, રાજય કાનૂની સેવા સત્તા મંડળની મંજુરીથી સામાજિક ન્યાય સંબંધિત કેસો માટે જરૂરી ન્યાયિક પ્રણાલી શરૂ કરવી જોઈએ.

## પેરા લિગલ વોલંટીયર્સ (પી.એલ.વી.) ની ફરજો :–

- દરેક જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ આંકડાકીય માહિતી મેળવીને અને અન્ય સરકારી વિભાગોની મદદથી જિલ્લાના એવા ક્ષેત્રોની ઓળખ કરે જયાં જનજાતિય વસ્તી છે તથા પેરા લિગલ વોલંટીયર્સ ધ્વારા તેમના સુધી પહોંચશે.
- જનજાતિય લોકોનો વિશ્વાસ પ્રાપ્ત કરવા માટે તથા તેઓને પ્રભાવકારી રીતે કાનૂની મદદ આપી શકાય તે માટે એ જરૂરી છે કે જનજાતિય લોકોના માધ્યમ થકી જ પેરા લિગલ વોલંટીયર્સની પસંદગી કરવી જોઈએ અને જનજાતિય સમુદાયના લોકો થકી પી.એલ.વી. ની પેનલનું નિર્માણ અવશ્ય કરવું જોઈએ.
- પેરા લિગલ વોલંટીયર્સને તેમની ભૂમિકા માટે યોગ્ય કાનૂની પ્રશિક્ષણ આપવું જોઈએ કે જેથી તે જનજાતિય લોકો સુધી સક્રિય રીતે મદદ પહોંચાડી શકે.
- કાનૂની સેવા સત્તા મંડળ જનજાતિય સમુદાયોની વચ્ચે પેરા લિગલ વોલંટીયર્સની મદદથી સ્વાસ્થ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી શકે છે. પેરા લિગલ વોલંટીયર્સ અને સ્થાનિક કાનૂની સેવા સત્તા મંડળની મદદથી જરૂરીયાતમંદ જનજાતિય વ્યક્તિઓની ઓળખ કરી શકાય છે. એવા જનજાતિય લોકોને યોગ્ય સ્વાસ્થ્ય યોજનાઓના લાભોની સાથે સ્વાસ્થ્ય સંબંધી મદદ અને દવાઓ સરળતાથી ઉપલબ્ધ કરાવી શકાય.
- જયાં પણ શાળાઓ, શિક્ષકોની ગેરહાજરી અને જનજાતિય બાળકોને ત્રાસ જેવી બાબતો ધ્યાનમાં આવે, ત્યાં પેરા લિગલ વોલંટીયર્સ તત્કાળ જનજાતિય લોકોનો અવાજ બનશે અને સંબંધિત કાનૂની સેવા સત્તા મંડળને તે અંગે જાણ કરશે.
- પેરા લિગલ વોલંટીયર્સ માનવ તસ્કરી કેસના પીડિતોની ઓળખ કરી તેમને વળતર અપાવવા તથા તેમને પુનર્વાસ યોજનાઓનો લાભ અપાવવામાં મદદ કરશે.
- જયારે જનજાતિ સમૂહ પૈકીના પીડિતની જુબાની હોય ત્યારે પેરા લિગલ વોલંટીયર્સ પીડિતના સાથીના રૂપમાં મદદ કરશે.
- જનજાતિય લોકોની પાસે મોટે ભાગે જમીનના દસ્તાવેજી પુરાવા નથી હોતા, તેવા કેસોમાં તેમને યોગ્ય વળતર મેળવવા માટે અને પુનર્વસન માટે કાનૂની મદદની તેઓને જરૂરીયાત હોય છે જેથી પેરા લિગલ વોલંટીયર્સ બધા દસ્તાવેજો અને પુરાવાઓને એકત્ર કરવામાં જનજાતિય લોકોની મદદ કરશે.
- પેરા લિગલ વોલંટીયર્સ જેલની મુલાકાત લે અને કેદીઓ સાથે તેમના કેસોના વિષયમાં સંવાદ કરે અને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવશ્રીને રીપોર્ટ કરશે કે જેથી આ પ્રકારના કેદીને જામીન પર છોડાવવા અથવા તેઓના કેસની ઝડપી સુનાવણી માટે જરૂરી કાર્યવાહી કરી શકાય.

## જાગૃતિ કાર્યક્રમ :–

- જનજાતિય ક્ષેત્રોમાં કાનૂની જાગૃતિ કાર્યક્રમોમાં દૃશ્ય, શ્રાવ્ય સાધનનો ઉપયોગ વધુ યોગ્ય રહેશે.
- જનજાતિય લોકોની વચ્ચે વન કાનૂન અને કાનૂની જોગવાઈઓના ઉલ્લંઘનના પરિણામોના વિષયમાં કાનૂની જાણકારીના પ્રચાર–પ્રસારની તાતી જરૂરીયાત છે.
- રાજય કાનૂની સેવા સત્તા મંડળ જનજાતિય સમુદાયના લોકોના અધિકારો અને તેઓને લાભકારી વિભિન્ન સરકારી યોજનાઓ તથા તેઓને શિક્ષણના લાભો સુલભ બને તે માટે જનજાતિય સમુદાયને જાગૃત કરવા માટે આધુનિક સંશાધનનો ઉપયોગ કરી સઘન કાનૂની જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરશે.
- જનજાતિય ક્ષેત્રોના વિકાસ માટે કાર્યરત એન.જી.ઓ.ની સાથે રહીને જનજાતિય લોકો માટે સુરક્ષિત પીવાલાયક પાણી, પોષક આહાર અને આ સમુદાયની ગર્ભવતી સ્ત્રીની સારસંભાળના લાભોના વિષય બાબતે સ્વાસ્થ્ય જાગૃતિ કાર્યક્રમોનું આયોજન હાથ ધરશે.
- રાજય કાનૂની સેવા સત્તા મંડળ જનજાતિ તથા અન્ય સમુદાય વચ્ચેની ખાઈ દૂર કરવા માટે એક સામુદાયિક રેડીઓની સ્થાપના થાય તે માટે પગલા ભરશે.

न्याय सब के लिए

ACCESS TO JUSTICE FOR ALL

# ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ
# અમદાવાદ

# નાલસા (આદિવાસીઓના અધિકારોના સંરક્ષણ અને અમલીકરણ માટે કાનૂની સેવાઓ) યોજના, ૨૦૧૫ – સંક્ષિપ્ત આલેખન

### કેવળ જન જાગૃતિ અર્થે

- આ યોજના અંતર્ગત કોઈપણ પ્રકારની જાણકારી અથવા મદદ માટે સંબંધિત વિભાગના સક્ષમ પદાધિકારી અથવા ગુજરાત રાજ્ય કાનૂની સેવાસત્તા મંડળ, અમદાવાદનો સંપર્ક કરવો.

  (ટેલીફોન-ફેક્સ નં. ૦૭૯-૨૭૬૬૪૯૬૪, ૨૭૬૬૫૨૯૬)

  તથા ટોલ ફ્રી નં. ૧૮૦૦-૨૩૩-૭૯૬૬ / ૧૫૧૦૦

  (Website:http://gujarathighcourt.nic.in/gslsa/index.asp)

  (email: msguj.lsa@nic.in)

  (જિલ્લા સ્તર પર સંબંધિત જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ અને તાલુકા કાનૂની સેવા સમિતિ) નો સંપર્ક કરી શકાય છે.
- સૂચના-સહ સામગ્રી કેવળ જન જાગૃતિ અર્થે છે. (કોઈ પણ પ્રકારનો દાવો કરતા પૂર્વે મૂળ સ્કીમ જોવી.)

**ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ**
**ત્રીજો માળ, ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ બિલ્ડીંગ,**
**ગુજરાત હાઈકોર્ટ પોસ્ટ ઓફિસ પાસે,**
**ગુજરાત હાઈકોર્ટ કોમ્પ્લેક્ષ, સોલા, અમદાવાદ - ૩૮૦ ૦૬૦.**
**ટોલ ફ્રી નં. : ૧૮૦૦-૨૩૩-૭૯૬૬ / ૧૫૧૦૦**

## પૂર્વભૂમિકા :–

આ યોજના તે આધાર પર બનાવવામાં આવી છે કે ગરીબી એક વિવિધ સમસ્યાઓનો સંપૂટ છે અને ગરીબી માત્ર આવક સંબંધિત સમસ્યા સુધી સિમિત નથી. ગરીબીમાં સ્વાસ્થ્ય ( કે જેમાં માનસિક સ્વાસ્થ્યનો પણ સમાવેશ થાય ), ઘર, પોષણક્ષમ આહાર, રોજગાર, પેન્શન, માતા સરખી સંભાળ, શિશુ પાલન, પાણી, શિક્ષા, સફાઈ, મૂળભૂત સેવાઓ, સામાજિક બહિષ્કાર, પક્ષપાત વગેરે જેવી સમસ્યા સામેલ છે. વધુમાં રાજય તેમજ જિલ્લા સ્તર પર વિશેષ યોજનાઓને લાગુ કરવા માટે કાનૂની સેવા સત્તા મંડળ પાસે અપેક્ષા રાખવામાં આવે છે કે તે આ તથ્યની નોંધ રાખે કે વિભિન્ન નિર્બળ અને પછાત સમૂહ ગરીબીનો કેવો અનુભવ કરે છે તથા તે સુનિશ્ચિત કરે કે ગરીબીના કારણે કોઈપણ ગરીબને માનવીય ગરીમાપૂર્વક જીવન વ્યતિત કરવામાં કોઈ મુશ્કેલી ન આવે.

## યોજનાનું લક્ષ્ય :–

યોજનાના મુખ્ય લક્ષ્ય નીચે મુજબ છે :–

- સમાજના સામાજિક અને આર્થિક રૂપથી નબળા વર્ગને આપવામાં આવેલ લાભો અને મૂળભૂત અધિકારો નબળા વર્ગ સુધી પહોંચાડવાનું સુનિશ્ચિત કરવાનું છે.
- ગરીબી નાબૂદી યોજનાઓનો લાભ લેવામાં આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે રાષ્ટ્રીય, રાજય, જિલ્લા તથા તાલુકા સ્તર સુધી કાનૂની સહાયતા અને સહયોગ સેવાઓ મજબૂત બનાવવી.
- જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, તાલુકા સેવા સત્તા સમિતિના સદસ્યો, પેનલ એડવોકેટ, સામાજિક કાર્યકર્તા, પેરા લિગલ વોલન્ટીયર્સ(અર્ધ કાનૂની સ્વયંસેવક) તથા કાનૂની સહાયતા કિલનિકના વિદ્યાર્થીઓ ધ્વારા ગરીબી નાબૂદી યોજનાઓના વિષયમાં જાગૃતતા લાવવી.
- જે ગરીબી નાબૂદી યોજનાના સંબંધમાં ઉપલબ્ધ હોય તેવી બધી પ્રભાવશાળી કેન્દ્રીય અથવા રાજયની યોજનાઓ, નીતિઓ, વિનિયમો, નીતિ–નિર્દેશ, પરંપરાઓ, નિયમો અને અહેવાલ સહિતની વિગતો મેળવવી તથા સાથે સાથે યોજનાઓના અમલીકરણ માટે નાણાંકીય વ્યવસ્થા બાબતે અહેવાલ તૈયાર કરવો.
- પેનલ એડવોકેટ, અર્ધ કાનૂની સ્વયંસેવકો, ગરીબી નાબૂદી યોજનાઓના અમલીકરણ માટેના પદાધિકારીઓ, કાનૂની સહાયતા કિલનિકના સ્વયંસેવકો માટે પ્રશિક્ષણ અને અભિગમલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવું જેથી તેમની કુશળતા વધારી શકાય અને આ યોજનાઓ લાગુ કરવા માટે ગરીબી નાબૂદી કાર્યક્રમ સાથે જોડાવા માટે તેઓમાં સદભાવ ઉત્પન્ન કરી શકાય તથા ઉત્સાહ વધારી શકાય.
- બધા સરકારી નિગમો અથવા પદાધિકારીઓ, સંસ્થાઓ, અધિકારીઓ, સ્વયંસેવી સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓ કે જે સમાજના સામાજિક અને આર્થિકરીતે નબળા વર્ગના કલ્યાણ સંબંધિત જવાબદારીઓ નિભાવે છે તેમની સાથે સંકલન કરવું અને તેઓની સાથે સંપર્કમાં રહેવું.

## ગરીબી નાબૂદી યોજનાઓની ઓળખ :–

દરેક રાજય કાનૂની સેવા સત્તા મંડળ, રાજયમાં લાગુ વર્તમાન તથા સક્રિય ગરીબી નાબૂદી યોજનાઓની માહિતી મેળવશે તથા તે દરેકની એક સૂચિ દર વર્ષે રાજયના બધા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળોને ઉપલબ્ધ કરાવશે. સૂચિમાં નીચે મુજબની યોજનાઓ સામેલ રહેશે :–

(ક) જે તે રાજયમાં લાગુ ગરીબી નાબૂદી યોજનાઓની માહિતી સાથે વિશેષ કયા જિલ્લામાં તે લાગુ છે તેની વિગતો સહિતની માહિતી.

(ખ) દરેક ગરીબી નાબૂદી યોજનાઓ અંતર્ગત આવતા લાભાર્થી.

(ગ) યોજના અંતર્ગત આવતી સંસ્થા અને/અથવા તે સંસ્થાના અધિકારીઓના નામ.

(ઘ) દરેક ગરીબી નાબૂદી યોજનાઓ સુધી પહોંચવા માટે આવશ્યક દસ્તાવેજોની સૂચિ.

(ડ) દરેક ગરીબી નાબૂદી યોજનાઓ અંતર્ગત મળવાપાત્ર લાભ.

(ચ) કેન્દ્રીય સરકાર અથવા રાજય સરકાર ધ્વારા વિશેષ વર્ષ માટે દરેક ગરીબી નાબૂદી યોજનાઓ માટે ફાળવવામાં આવેલ કોષની રાશી (ફંડની રકમ)

૨. પ્રત્યેક જિલ્લાનું નામ કે જયાં વિશેષ વર્ષ માટે ગરીબી નાબૂદી યોજના લાગુ કરવાની છે.

૩. ઉપર જણાવ્યા મુજબ તૈયાર કરવામાં આવેલ સૂચિ મળ્યેથી, આ સૂચિના મળ્યાના ૭ દિવસની અંદર નીચે જણાવેલાઓને સૂચિની સ્થળપ્રત (નકલ) મોકલવામાં આવશે :–

(અ) જિલ્લાની બધી તાલુકા કાનૂની સેવા સમિતિઓ.

(આ) જિલ્લાની બધી ગ્રામ પંચાયતો.

(ઈ) કાનૂની સેવા કિલનિકમાં કાર્ય કરનાર લોકો, પંચાયત સદસ્યો, કાયદાના વિદ્યાર્થીઓ અને અન્ય અર્ધ કાનૂની સ્વયંસેવકો (પી.એલ.વી.) કે જે યોજનાને લાગુ કરવા માટે સહાયતા આપવા માટે તત્પર હોય.

## જાગૃતતા કાર્યક્રમોનું આયોજન :–

- રાજય કાનૂની સેવા સત્તા મંડળ તેમને સંલગ્ન જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સહયોગથી જિલ્લામાં વિભિન્ન ગરીબી નાબૂદી યોજનાઓના વિષયમાં જાગૃતિ ઉત્પન્ન કરવા માટે જાગૃતિ કાર્યક્રમોના આયોજન માટે પગલાં ભરશે. તાલુકા કાનૂની સેવા સમિતિઓ પણ પંચાયત સભાઓ, ટાઉન હોલ સભાઓ, પલ્સ પોલીયો શિબિર, તહેવાર ગોષ્ઠિઓ અથવા અન્ય ગ્રામ ગોષ્ઠિઓમાં ગરીબી નાબૂદી યોજનાઓ સુધી પહોંચવા માટે ઉપલબ્ધ કાનૂની સેવાઓના વિષયમાં જાગૃતિ ઉત્પન્ન કરવા માટે પગલાં ભરશે.

## કાનૂની સહાયતા અધિકારીઓ અને અર્ધ કાનૂની સ્વયંસેવક :–

૧. આ યોજનાના અમલીકરણ હેતુ દરેક જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અને તાલુકા કાનૂની સેવા સમિતિ ઓછામાં ઓછા ત્રણ પેનલ એડવોકેટની કાનૂની સહાયતા અધિકારીઓના રૂપમાં નિમણૂંક કરશે.

૨. પેનલ એડવોકેટ કાનૂની સેવા કિલનિકમાં કાર્યરત સભ્યો, પંચાયત સભ્યો, કાયદાના વિદ્યાર્થીઓ અને અન્ય અર્ધ કાનૂની સ્વયંસેવકોને યોજનાને લાગુ કરવામાં સહયોગ આપવા અને સામાજિક અને આર્થિક રીતે નબળા વર્ગના લોકોના કલ્યાણ માટે કામ કરનાર સંસ્થા/લોકોને ગરીબોના પ્રશ્નો અંગે સંવેદનશીલ બનાવવા તેમજ ગરીબી નાબૂદી યોજનાઓ ધ્વારા મળનાર લાભની